# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

રજીસ્ટ્રેશન નં. સા. ૩૩૯૦ નોંધણી તા. ૨૯/૦૪/૨૦૦૦



" વિના સહકાર નહીં ઉધ્ધાર"

૨૦૨૫-૨૦૨૬

વર્ષ 26 મું



**સભાસદ સંખ્યા: ૭૬૧૯**

| | | | |
|---|---|---|---|
| મંજુર થયેલ શેર ભંડોળ | ૨,૦૦,૦૦,૦૦૦=૦૦ | કુલ ધિરાણ | ૭૩,૦૮,૧૮,૯૫૨=૦૦ |
| વસુલ આવેલ શેર ભંડોળ | ૧,૬૦,૨૯,૧૦૦=૦૦ | રિઝર્વ તથા ફંડો | ૧૭,૩૩,૦૮,૪૪૪=૨૪ |
| કુલ થાપણ | ૧૧૪,૦૧,૦૮,૮૦૭=૦૦ | કામકાજનું ભંડોળ | ૧૪૪,૬૫,૨૩,૭૬૪=૨૪ |

**ઓડિટ વર્ગ 'અ' (૨૦૨૪ - ૨૦૨૫)**




**ઓડિટર્સ**

સહકારી ખાતાનાં સ્પેશ્યલ ઓડિટર
શ્રી આશિષ મોદી એન્ડ કંું. સુરત (ઈન્ટરનલ ઓડિટર્સશ્રી)


'સમુત્કર્ષ ભવન' પરશુરામ નગર, શાસ્ત્રી રોડ,
સ્વામિનારાયણ મંદીર સામે, બારડોલી

દુરભાષ: (૦૨૬૨૨)૨૯૯૦૧૩
મો. ૯૨૬૫૪ ૭૨૧૫૭
E-mail: bjanta2000@gmail.com


www.bardolijanta.com

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## વ્યવસ્થાપક સમિતિ

| ક્રમ | નામ | હોદ્દો | હાજરી | ગામનું નામ |
|---|---|---|---|---|
| ૧ | નિરંજન માનાજી મિસ્ત્રી | પ્રમુખ | ૧૨ | બારડોલી |
| ૨ | મનિષભાઈ છોટુભાઈ પટેલ | ઉપપ્રમુખ | ૧૨ | ઈસરોલી |
| ૩ | જગદીશભાઈ હિરાભાઈ પટેલ | માનદ્‌મંત્રી | ૧૨ | બારડોલી |
| ૪ | નિલેશભાઈ ગીરધારીલાલ ગુપ્તા | સહમંત્રી | ૧૨ | બારડોલી |
| ૫ | હરકાંતભાઈ નટવરભાઈ પારેખ | ક. સભ્ય | ૧૦ | બારડોલી |
| ૬ | ડૉ. મહેન્દ્રભાઈ હીરજીભાઈ ચૌધરી | ક. સભ્ય | ૧૨ | બારડોલી |
| ૭ | મહેન્દ્રસિંહ હઠેસિંહ ચૌહાણ | ક. સભ્ય | ૧૨ | બારડોલી |
| ૮ | મુકુંદભાઈ જગુભાઈ પટેલ | ક. સભ્ય | ૧૧ | મોતા |
| ૯ | વિમલભાઈ કેશવભાઈ પટેલ | ક. સભ્ય | ૧૨ | ખરવાસા |
| ૧૦ | નિલેશકુમાર પ્રહલાદભાઈ પટેલ (ગામી) | ક. સભ્ય | ૧૨ | બારડોલી |
| ૧૧ | આનંદકુમાર સન્મુખભાઈ ટેલર | ક. સભ્ય | ૧૧ | વાંકાનેર |
| ૧૨ | અભિષાબેન મેહુલકુમાર પટેલ | ક. સભ્ય | ૧૨ | બારડોલી |
| ૧૩ | હર્ષદભાઈ ભુલાભાઈ પટેલ | ક. સભ્ય | ૧૨ | અસ્તાન |
| ૧૪ | રાજેન્દ્રભાઈ નાનજીભાઈ પટેલ | ક. સભ્ય | ૧૦ | બારડોલી |
| ૧૫ | ફાલ્ગુનીબેન જયેશભાઈ પટેલ | ક. સભ્ય | ૧૦ | ધામડોદ-લુંભા |
| ૧૬ | આયુષ પ્રબોધચંદ્ર નાયક | ક. સભ્ય | ૧૦ | ધામડોદ-લુંભા |
| ૧૭ | રમીતકુમાર મહેન્દ્રભાઈ શાહ (૨૬/૦૮/૨૦૨૫ થી) | ક. સભ્ય | ૮ | તેન |

**વર્ષ દરમિયાન કુલ ૧૨ મીટીંગ મળી હતી**

**દિનેશચંદ્ર ધનસુખભાઈ પ્રજાપતિ - મેનેજર**

## બેન્કર્સ

| | |
|---|---|
| ૧. ધી સુરત ડિ.કો-ઓ.બેંક લિ., બારડોલી સ્ટેશન શાખા, સીટી શાખા. | |
| ૨. બેંક ઓફ બરોડા, બારડોલી | ૩. આર.બી.એલ બેંક, બારડોલી |
| ૪. સુરત પીપલ્સ બેંક | ૫. મહેસાણા અર્બન બેંક |

## કાયદા સલાહકાર

| શ્રી કુંજ એન. વકીલ | શ્રી રાકેશ કે. પટેલ | શ્રી કામેશકુમાર કે. પટેલ | શ્રી કિરણ બી. પટેલ |
|---|---|---|---|
| (બી.એ.એલ.એલ.બી.) | (બી.કોમ. એલ.એલ.બી) | (બી.એ.એલ.એલ.બી.) | (બી.કોમ. એલ.એલ.બી) |

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## જાહેરખબર

આથી સોસાયટીનાં તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સોસાયટીની છવ્વીસમી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના પ્રમુખશ્રી નિરંજન માનાજી મિસ્ત્રીનાં અધ્યક્ષ સ્થાને તા. ૧૯/૦૫/૨૦૨૬ને મંગળવારે સવારે ૧૦-૦૦ કલાકે સિનીયર સીટીઝન હોલ, નગરપાલિકા તરણકુંડની બાજુમાં, બારડોલીમાં નીચે જણાવેલ કામો માટે રાખવામાં આવેલ છે, તો સમયસર હાજર રહેવા વિનંતી.

## કાર્યસુચિ

૧. તા. ૨૮/૦૫/૨૦૨૫નાં રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી.
૨. સને ૨૦૨૫-૨૦૨૬નાં વર્ષનો સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ વ્યવસ્થાપક કમિટીએ મંજુર કરેલ અને આંતરિક ઓડિટરે ઓડિટ કરેલ હિસાબો મંજુર કરવા બાબત.
૩. સને ૨૦૨૫-૨૬નાં વર્ષનાં વ્યવસ્થાપક કમિટીએ સૂચવેલ ચોખ્ખા નફાની વહેંચણી મંજુર કરવા બાબત.
૪. સને ૨૦૨૫-૨૬નાં વર્ષનાં ઈન્ટરનલ ઓડિટ રિપોર્ટનું વાંચન.
૫. સને ૨૦૨૪-૨૦૨૫નાં વર્ષનાં વૈધાનિક ઓડિટ રિપોર્ટનું વાંચન.
૬. સને ૨૦૨૬-૨૭નાં વર્ષ માટે ઈન્ટરનલ ઓડિટરશ્રીની નિમણૂંક કરવા બાબત.
૭. પેટા કાયદામાં સુધારો વધારો કરવા બાબત. (સામેલ પરિશિષ્ટ મુજબ)
૮. બહારથી ઉભા કરવાના ભંડોળો અને કરજની મહત્તમ સત્તા બાબત.
૯. વ્યવસ્થાપક સમિતિની ચુંટણીનાં પરિણામની નોંધ લેવા બાબત.
૧૦. અધ્યક્ષ સ્થાનેથી અથવા તેઓશ્રીની મંજુરીથી રજૂ થાય તે અન્ય કામો બાબત.

વ્ય. કમિટીનાં આદેશથી

સ્થળ : બારડોલી
તા. ૨૮/૦૪/૨૦૨૫

દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ
મેનેજર

## સુચના

**૧.** હિસાબ બાબત ચોખવટ માટે મિટીંગના સાત દિવસ પહેલાં લેખિત અરજી મેનેજરશ્રીને આપવી.
**૨.** સભાસદશ્રીઓને જો કોઈ ખુલાસા મેળવવા હોય તો તેમને ઓફિસમાં કામકાજનાં સમય દરમ્યાન મળી શકશે.
**૩.** સભાસદોએ સને ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ ના વર્ષનું ડિવિડન્ડ તાત્કાલિક સેવિંગ્સ ખાતુ ખોલાવી ખાતામાં જમા કરાવી લેવું નહીંતર પેટા કાયદા મુજબ આ રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે. જેની નોંધ લેવી.
**૪.** પેટા કાયદા મુજબ દરેક સભાસદે સેવિંગ્સ ખાતું ખોલાવવું ફરજિયાત છે. જેથી જેના સેવિંગ્સ ખાતા ખોલવાના બાકી હોય સત્વરે ખોલાવી જવા.

**નોંધ :-** કોરમના અભાવે મુલતવી રહેલ સભા એજ સ્થળે એજ દિવસે પેટા નિયમ ૩૫ અન્વયે અડધા કલાક પછી મળશે અને તેમાં થયેલા કામો કાયદેસર ગણાશે.

## પ્રમુખશ્રીનું નિવેદન

**માનવંતા સભાસદ ભાઈઓ–બહેનો તથા સહકારી મિત્રો,**

વિતેલાં વર્ષ દરમ્યાન, તાજેતરમાં મૃત્યુ પામેલ વિશ્વનાં તમામ નાગરિકો, સંસ્થાનાં શુભેચ્છકો, સભાસદ ભાઇ-બહેનોનાં દુ:ખદ અવસાનની નોંધ લઇ પ્રભુ એમનાં આત્માને શાંતિ અને મોક્ષ આપે એવી પ્રાર્થના કરીએ.........................

બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ. પોતાનાં સ્થાપનાં કાળનાં સફળતાનાં ૨૬ વર્ષ પૂર્ણ કરી ૨૭ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે ત્યારે છવ્વીસમી વાર્ષિક સામાન્ય સભામાં " જનતા પરિવાર " નાં તમામ સભાસદ ભાઇઓ-બહેનોને આવકારતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

સંસ્થાનો છવ્વીસમો વાર્ષિક અહેવાલ તથા તા. ૩૧-૦૩-૨૦૨૬ નાં રોજનું ઓડિટ થયેલું સરવૈયુ, નફા-નુકશાનનાં હિસાબી પત્રકો જે વાર્ષિક સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ વ્યવસ્થાપક કમિટીએ મંજુર કર્યા છે. તે ડિજીટલ માધ્યમથી આપશ્રીને મળ્યા હશે. અને તેનો આપે અભ્યાસ પણ કર્યો હશે, તેને આપની સમક્ષ મુકતા આનંદ અને ગોરવની લાગણી અનુભવુ છું. વર્ષની શરૂઆતમાં સંસ્થાનાં સભાસદોની સંખ્યા ૭૫૧૩ હતી.વર્ષ દરમ્યાન ૧૭૨ સભાસદોનો ઉમેરો થતાં અને ૬૬ સભ્યો કાર્યક્ષેત્રની બહાર રહેવા જવાને કારણે કમી થતાં વર્ષાન્તે સભાસદ સંખ્યા ૭૬૧૯ છે. અને શેર ભંડોળ રૂ. ૧,૬૦,૨૯,૧૦૦-૦૦ છે. મંડળીએ દરેક સભાસદની ૫ લાખની અકસ્માત વિમા પોલીસી લીધી છે. જો કોઇ સભાસદનું અકસ્માતથી મૃત્યુ થાય તો વારસદારોને ૫ લાખની રકમ મળવાપાત્ર છે. આવા કિસ્સામાં સંસ્થામાં મેનેજરને સત્વરે જાણ કરવા વિનંતી. જેથી નિયમ મુજબ સમયસર વિમા કંપનીને ઇન્ટીમેશન આપી શકાય.

મંડળીએ સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ સમજી સમાજ માટે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ જેવી કે નવ થી પંદર વર્ષ સુધીની બાળાઓને સર્વાઇકલ કેન્સર વિરોધી રસીકરણ, અનાથ બાળાઓ માટે સ્કુલ બસ અર્પણ તથા બારડોલી ખાતે જનતા સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત શાળામાં અધતન લાઇબ્રેરી, ગરીબ વિધાર્થીઓ માટે નોટબુક વિતરણ જેવી અનેક સેવાકીય સમાજ ઉપયોગી પ્રવૃતિઓ કરવામાં આવી છે. જે આપ સર્વે સભાસદોનાં સહકારથી જ શક્ય બન્યુ છે.

સંસ્થાની નાણાકીય સ્થિતિ જોઇએ તો સંસ્થાનું રિઝર્વ અને અન્ય ફંડો ગત વર્ષે રૂ. ૧૫,૨૩,૮૮,૮૧૨-૮૩ હતુ જે તા.૩૧-૦૩-૨૦૨૬ નાં રોજ રૂ. ૧૭,૩૩,૦૮,૪૪૪-૨૪ છે. જ્યારે થાપણો વર્ષની શરૂઆતમાં રૂ. ૯૯,૫૦,૩૬,૪૪૪-૦૦ હતી. જેમાં વધારો થતાં વર્ષાન્તે થાપણ રૂ. રૂ. ૧૧૪,૦૧,૦૮,૮૦૭-૦૦ છે. વર્ષની શરૂઆતમાં કુલ ધિરાણ રૂ. ૬૩,૫૧,૧૫,૭૭૨-૦૦ હતુ. વર્ષ દરમ્યાન રૂ. ૩૪,૫૦,૯૦,૨૪૬-૦૦ નું નવુ ધિરાણ કરતાં અને વર્ષ દરમ્યાન રૂ. ૨૪,૯૩,૮૭,૦૬૬-૦૦ ની સંતોષકારક વસુલાત થતાં વર્ષાન્તે ધિરાણ બાકી રૂ. ૭૩,૦૮,૧૮,૯૫૨-૦૦ છે. રજી. શ્રી સહકારી મંડળીઓ ગાંધીનગરનાં પરિપત્ર જાવક નં.નસબ/૨૩૮/ઝ.૧૨/૨૩૮/૦૭, તા. ૨૧-૦૨-૨૦૦૭ મુજબ એન.પી.એનાં નિયમો નિર્દેશ કરવામાં આવ્યા છે. જે અનુસાર તમામ પ્રકારનાં ધિરાણ પૈકી ભવિષ્યને અનૂરૂપ એન.પી.એ.ની સંપૂર્ણ જોગવાઇ કરી હોય હાલ નેટ NPA શૂન્ય છે.

માનવંતા સભાસદ ભાઇ-બહેનોને જણાવતાં આનંદ થાય છે કે જનતા પરિવારની આ સંસ્થાએ સહકારીતાનાં ઉચ્ચ મૂલ્યોને નિગાહે લઇ આપ તમામ સભાસદોને ઉચ્ચતમ સેવા કરવાની ઇચ્છા શક્તિ સાથે આપનાં જીવનમાં રોજ બરોજની જરૂરીયાતો પ્રમાણે ધિરાણની સગવડ એકદમ સરળતાથી પૂરી પાડવાનો પ્રયાસ કર્યો છે. જેની નોંધ રાજ્ય કક્ષાએ લઇ આપણી સંસ્થાને ગુજરાત રાજ્ય સહકારી સંઘ તરફથી વર્ષ ૨૦૨૪-૨૫નાં વર્ષ માટે બીજો ક્રમાંક પ્રાપ્ત થયેલ છે. જે

આપણી સંસ્થા માટે ગૌરવની વાત છે. સને ૨૦૨૫-૨૦૨૬ નાં નફામાંથી સંસ્થા તથા સભાસદોનાં હિતમાં જરૂરી ફંડોની જોગવાઇ કરી રૂ. ૩,૪૦,૪૮,૨૧૪-૮૮ જેટલો ચો.નફો કરેલ છે. નફાની વહેંચણી કરી સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ આપણી વ્યવસ્થાપક કમિટીએ ૨૦ ટકા ડિવિડન્ડ તથા રૂ. ૧,૨૫૦/-ની ભેટકુપન આપવાનું ઠરાવેલ છે. જેને બહાલી આપશો એવી આશા રાખુ છું..

જ્યારે ભારત સરકાર ડિજીટલ માધ્યમથી જ ટ્રાન્ઝેકશન ઉપર ભાર મુકતી હોય ત્યારે આપણે અત્યારથી જ એકટીવ થવાની જરૂર છે. .હાલમાં પણ સેવિંગ્સ અને લોન અંગેનાં તમામ લેવડદેવડ અંગેની માહિતી તમામ સભાસદોને SMS મારફત મળે જ છે. છતાં સંસ્થાની અગત્યની માહિતી સભાસદોને કોઇ પણ સમયે, કોઇ પણ સ્થળે મળી રહે તે માટે સભાસદોનાં હિતમાં સંસ્થાએ bardoli janta .com નામની વેબસાઇટ પણ બનાવી છે.

આપણી સંસ્થાનું ઓડિટ ઇન્ટરનલ ઓડિટર(સી.એ.) તથા સરકારશ્રી નિયુક્ત પ્રમાણિત ઓડિટર મારફત કરાવવામાં આવે છે. આપણી સંસ્થાને શરૂઆતથી સને ૨૦૨૪-૨૫ સુધી " અ " વર્ગ મળેલ છે.

આવકવેરા કાયદા હેઠળ ભવિષ્યમાં સંસ્થાને કે સભાસદોને મુશ્કેલી ન પડે તે માટે લોનનાં હપ્તા રોકડેથી ન ભરતાં ચેકથી જ ભરવા આગ્રહ ભરી વિનંતિ છે. અથવા RTGS/NEFT/IMPS થી જમા કરાવી સંસ્થાનાં મોબાઇલ નંબર ૯૨૬૫૪૭૨૧૫૭ ઉપર વોટસએપ અથવા ફોનથી જાણ કરી પહોંચ મેળવી લેવી. સંસ્થાની બેંક ખાતાની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| **Beneficiery Name:** | Bardoli Janta Co-Op.Credit Soc. Ltd. |
| **Bank Name:** | The Surat District Co-Op. Bank Ltd., Bardoli Station Branch |
| **Beneficiery A/c No.:** | 808012023377 |
| **Beneficiery IFSC Code:** | SDCB0000012 |
| **Beneficiery A/c Type:** | Savings |

આપણી સંસ્થાનાં વહીવટી કામ તેમજ મુદતવીતી બાકીની સંતોષકારક વસુલાત તથા થાપણ મેળવવામાં મદદરૂપ થવા બદલ હું ઉપપ્રમુખશ્રી મનિષભાઇ પટેલ, માનદમંત્રીશ્રી જગદીશભાઇ પટેલ, સહમંત્રી નિલેશભાઇ ગુપ્તા, સાથી ડિરેક્ટરશ્રીઓ તથા મેનેજરશ્રી દિનેશચંદ્ર પ્રજાપતિ અને કર્મચારી ગણનો આભાર માનુ છુ. ખાસ કરીને બિન હરીફ ચુંટણી કરી અમારા ઉપર વિશ્વાસ મુકવા બદલ તમામ સભાસદોનો આભાર માનું છુ. તદુપરાંત સંસ્થાને વારંવાર સહકારી કાયદાનાં સુધારા બાબતે તથા જરૂર પડ્યે સંસ્થાનાં પ્રશ્નોનાં નિવારણ માટે યોગ્ય માર્ગદર્શન આપનાર નિવૃત રાજ્ય રજિસ્ટ્રારશ્રી માનનીય જે.જે.શાહ સાહેબ, મે. જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ સુરત, ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેંકની તમામ શાખાઓ, નગરની અન્ય સહકારી સંસ્થાઓનાં હોદ્દેદારો, આપણા ઇન્ટરનલ ઓડીટર્સશ્રી આશિષ મોદી એન્ડ કાં.(સી.એ) સુરત, સુરત જિલ્લા ફેડરેશન અને ગુજરાત રાજ્ય ફેડરેશનનાં હોદ્દેદારો, શ્રી પ્રશાંતભાઇ કાબરાવાલા , સંસ્થાનાં કાયદા સલાહકાર શ્રી કુંજ વકીલ, શ્રી રાકેશભાઇ પટેલ, શ્રી કિરણભાઇ બી પટેલ, શ્રી કામેશભાઇ પટેલ, કોમ્પ્યુટર સોફ્ટવેર કન્સલ્ટન્ટ શ્રી હરીશભાઇ છનીયારા, વેલ્યુઅર મનિષભાઇ સી પટેલ, શ્રી ભાષ્કરભાઇ પાઠક, નિયમિત બચતનાં એજન્ટ ભાઇ બહેનો તથા પ્રીંટ મિડીયા તથા ઇલેકટ્રોનિક મિડિયાનાં પત્રકાર મિત્રોનો અંત:પૂર્વક આભાર માનું છુ.

સંસ્થાનાં કુશળ અને પારદર્શક સંચાલન માટે શક્ય બનતા પ્રયાસો કરવા છતાં મારાથી અથવા સંસ્થાનાં કર્મચારી તરફથી કોઇ સભાસદ ભાઇ બહેનો પ્રત્યે કોઇ પણ પ્રકારનો અવિવેક થયો હોય તો તે અંગે સૌનાં વતી હુ દિલગીરી વ્યક્ત કરૂ છુ. આપ સૌ ઉદાર મન દાખવી સંસ્થાનાં હિતમાં મને ક્ષમ્ય ગણશો. સંસ્થાનાં હિત ખાતર જો કોઇ સભાસદ સામે કાયદાની કલમ ૧૩૮ મજબ કાર્યવાહી કરવી પડી હોય કે સુરતની બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં દાવો દાખલ કરવો પડ્યો હોય તો તે મારી પ્રમુખ તરીકેની ફરજનો ભાગ જ હતો. તે માટે ક્ષમાયાચનાં કરૂ છુ.

લિ.
આપનો સહકારી
નિરંજન માનાજી મિસ્ત્રી
પ્રમુખ

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૫ | જવાબદારીઓ | | ૩૧-૦૩-૨૦૨૬ |
| --- | --- | --- | --- |
| ૨,૦૦,૦૦,૦૦૦-૦૦ | **સતાવાર શેર ભંડોળ** (૨,૦૦,૦૦,૦૦૦-૦૦ શેર દરેક રૂા. ૧૦૦ પ્રમાણે) | | ૨,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| ૧,૫૯,૩૯,૧૦૦-૦૦ | **ભરપાઈ થયેલ શેર ભંડોળ** (રૂા.૧૦૦ ના એક એવા ૧,૬૦,૨૯૧ શેર) | | ૧,૬૦,૨૯,૧૦૦-૦૦ |
| ૧૫,૨૩,૮૮,૮૧૨-૮૩ | **રિઝર્વ અને અન્ય ફંડ** | | ૧૭,૩૩,૦૮,૪૪૪-૨૪ |
| ૩,૨૩,૭૬,૨૫૦-૮૩ | રિઝર્વ ફંડ | ૫,૪૬,૨૬,૮૮૧-૨૪ | |
| ૨૮,૫૪,૨૯૭-૦૦ | વ્યાજ રિબેટ ફંડ | ૨૯,૭૮,૬૬૫-૦૦ | |
| ૨૩,૬૬,૭૬૫-૦૦ | સભાસદ કલ્યાણ ફંડ | ૨૬,૪૩,૮૭૦-૦૦ | |
| ૭,૮૨,૦૮૨-૦૦ | સહકાર પ્રચાર ફંડ | ૮,૨૬,૧૫૦-૦૦ | |
| ૫,૦૨,૩૨૩-૦૦ | ધર્માદાફંડ | ૧૩,૨૯,૨૪૪-૦૦ | |
| ૪,૦૦,૨૮૨-૦૦ | ડિવીડન્ડ ઈ. ફંડ | ૭,૭૩,૩૮૭-૦૦ | |
| ૧૬,૪૨,૮૬૮-૦૦ | ઉત્સવ ઉજવણી ફંડ | ૨૨,૧૨,૩૩૦-૦૦ | |
| ૩,૨૮,૨૨,૭૨૫-૦૦ | બિલ્ડીંગ ફંડ | ૩,૫૩,૧૦,૦૯૩-૦૦ | |
| ૯,૭૦૪-૦૦ | કોમ્પ્યુટર ટેકનોલોજી ફંડ | ૯,૭૦૪-૦૦ | |
| ૨૦,૭૯,૭૮૧-૦૦ | સભાસદ લ્હાણી ફંડ | ૫,૭૨,૦૮૩-૦૦ | |
| ૨,૧૯,૧૭,૭૩૮-૦૦ | શકમંદ લેણા ફંડ | ૨,૨૫,૪૮,૮૮૪-૦૦ | |
| ૧,૦૭,૨૨,૬૭૧-૦૦ | મકાન ઘસારા ફંડ | ૧,૧૭,૪૨,૧૧૨-૦૦ | |
| ૨૯,૯૫,૪૬૬-૦૦ | સભાસદ અકસ્માત વ. ફંડ | ૩૨,૫૨,૮૫૮-૦૦ | |
| ૯૯,૨૫,૨૫૫-૦૦ | ડુબત લેણા ફંડ (કલમ ૬૭ એ) | ૧,૪૪,૬૦,૩૬૭-૦૦ | |
| ૧,૯૪,૪૭,૭૭૮-૦૦ | કન્ટીજન્સી ફંડ | ૨,૦૦,૨૧,૮૧૬-૦૦ | |
| ૧,૧૫,૪૨,૮૨૭-૦૦ | સિલ્વર જયુબિલી ફંડ | ૦-૦૦ | |
| ૯૮,૨૬,૫૬,૪૪૪-૦૦ | **ડિપોઝીટ એકાઉન્ટ** | | ૧,૧૨,૬૭,૧૮,૮૦૭-૦૦ |
| ૬૯,૦૯,૧૭,૬૩૯-૦૦ | ફિકસ ડીપોઝીટ | ૮૨,૦૬,૭૧,૮૬૭-૦૦ | |
| ૪,૦૨,૪૩,૧૨૭-૦૦ | જે.કે. સમૃધ્ધી કેશ ડીપોઝીટ | ૩,૯૫,૯૮,૪૦૯-૦૦ | |
| ૧૨,૬૪,૦૦૦-૦૦ | વિકાસ થાપણ | ૬૮,૬૯,૦૦૦-૦૦ | |
| ૧૪,૨૩,૮૦,૯૯૩-૦૦ | રજત જયંતિ થાપણ | ૧૪,૨૩,૮૦,૯૯૩-૦૦ | |
| ૫,૫૦,૮૯,૯૨૦-૦૦ | સેવિંગ્સ ડીપોઝીટ | ૬,૦૧,૨૫,૪૧૪-૦૦ | |
| ૫,૨૫,૭૪,૨૬૫-૦૦ | નિયમીત બચત | ૫,૬૯,૧૮,૭૧૮-૦૦ | |
| ૧,૮૬,૫૦૦-૦૦ | એજન્ટ સીકયોરીટી ડીપોઝીટ | ૧,૫૪,૪૦૬-૦૦ | |
| ૯૦,૦૦,૦૦૦-૦૦ | મુદતવીતી વ્યાજ અનામત | | ૯૦,૦૦,૦૦૦-૦૦ |
| ૧૧૫,૯૯,૮૪,૩૫૬-૮૩ | સરવાળો આગળ લઈ ગયા | | ૧૩૨,૫૦,૫૬,૩૫૧-૨૪ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

તા. ૨૨/૦૪/૨૦૨૬

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૫ | મિલકતો | | ૩૧-૦૩-૨૦૨૬ |
|---|---|---|---|
| ૩,૦૯,૦૮,૫૩૦-૧૪ | **રોકડ અને બેંક સિલક** | | ૨,૫૪,૦૫,૦૪૩-૮૨ |
| ૪૫,૨૨,૮૨૮-૧૩ | સુ.ડી.કો-ઓ. બેંક સ્ટે. સેવિં. | ૬૩,૩૧,૮૭૩-૯૩ | |
| ૬,૪૯,૯૮૩-૫૭ | બેંક ઓફ બરોડા સેવિંગ્સ | ૧૨,૪૩,૨૩૬-૩૯ | |
| ૧,૦૬,૪૬૦-૧૦ | સુ.ડી.કો-ઓ.બેંક(સીટી) સેવિં. | ૨૭,૪૬,૬૩૮-૩૦ | |
| ૨૨,૮૦,૮૮૩-૨૦ | સુ.ડી.કો-ઓ.બેંક સ્ટે. કરંટ | ૨૨,૩૪,૧૯૨-૭૦ | |
| ૫૧,૧૧,૯૧૨-૩૦ | સુ.ડી.કો-ઓ.બેંક સીટી. કરંટ | ૨૨,૪૬,૪૪૧-૫૦ | |
| ૪૮,૬૨,૯૧૮-૪૦ | આર.બી.એલ. બેંક કરંટ | ૨૯,૧૬,૪૬૯-૪૦ | |
| ૮૧,૩૬૫-૫૧ | બેંક ઓફ બરોડ કરંટ | ૮,૯૦૯-૩૦ | |
| ૨૫,૭૫,૮૬૬-૮૮ | સુરત પીપલ્સ કો-ઓ. બેંક કરંટ | ૧૩,૯૪,૮૬૨-૪૮ | |
| ૯૨,૦૦,૧૮૮-૦૫ | આઈસીઆઈસીઆઈ બેંક કરંટ | ૧૪,૨૪,૭૬૪-૮૨ | |
| ૧૫,૧૬,૨૨૪-૦૦ | હાથ પર સિલક | ૪૮,૫૭,૬૫૫-૦૦ | |
| ૫૨,૧૬,૬૬,૨૯૫-૦૦ | **ડિપોઝીટ થાપણ** | | ૬૧,૨૮,૭૯,૯૩૪-૦૦ |
| ૨૦,૬૦,૦૦,૦૦૦-૦૦ | સુ.ડી.કો-ઓ.બેંક થાપણ સ્ટે. | ૨૪,૧૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૯,૫૦,૦૦,૦૦૦-૦૦ | સુ.ડી.કો-ઓ.થાપણ સીટી શાખા | ૧૧,૭૫,૦૦,૦૦૦-૦૦ | |
| ૨,૫૦,૦૦,૦૦૦-૦૦ | સુ.ડી.કો-ઓ.થાપણ ધામડોદ | ૨,૫૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૧૪,૯૨,૫૭,૦૮૪-૦૦ | સુરત પીપલ્સ કો-ઓ.બેંક લિ. | ૧૯,૬૭,૭૩,૮૧૦-૦૦ | |
| ૪,૧૪,૦૯,૨૧૧-૦૦ | મહેસાણા અર્બન કો-ઓ.બેંક લિ. | ૧,૧૬,૦૬,૧૨૪-૦૦ | |
| ૫૦,૦૦,૦૦૦-૦૦ | પ્રાઈમ કો-ઓ.બેંક થાપણ | ૨,૧૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૧,૨૫,૩૫,૩૯૨-૧૦ | **પ્રો. ફંડ અને ગ્રેજ્યુ. રોકાણ** | | ૧,૧૦,૬૫,૮૮૯-૩૦ |
| ૪,૪૬૮-૧૦ | સુ.ડી.કો.સ્ટાફ પી.એફ.સ્ટે. | ૪,૫૩૩-૩૦ | |
| ૯૫,૮૫,૪૩૨-૦૦ | સુ.ડી.કો.સ્ટાફ પી.એફ. FD | ૭૮,૧૪,૦૪૬-૦૦ | |
| ૨૯,૪૫,૪૯૨-૦૦ | સુ.ડી.કો. લીવ FD | ૩૨,૪૭,૩૧૦-૦૦ | |
| ૩,૨૦૧-૦૦ | **શેર રોકાણ** | | ૧,૫૦,૦૩,૨૦૧-૦૦ |
| ૧,૦૦૦-૦૦ | સુ.ડી.કો.ઓ.બેંક ના શેર | ૧,૦૦૦-૦૦ | |
| ૨૦૧-૦૦ | સુ. જિ.અ.કો.ક્રે.સો.ફેડરેશન શેર | ૨૦૧-૦૦ | |
| ૨,૦૦૦-૦૦ | ધી.ગુજ.સ્ટે.કો.ક્રે.સો.ફેડરેશનશેર | ૨,૦૦૦-૦૦ | |
| ૦-૦૦ | NCEL શેર રોકાણ | ૧,૫૦,૦૦,૦૦૦-૦૦ | |
| ૫૬,૫૧,૧૩,૪૧૮-૨૪ | સરવાળો આગળ લઈ ગયા | | ૬૬,૪૩,૫૪,૦૬૮-૧૨ |

**નિરંજન માનાજી મિસ્ત્રી**
પ્રમુખ

**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**
મેનેજર

**જગદીશભાઈ એચ. પટેલ**
માનદ્ મંત્રી

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૫ | જવાબદારીઓ | | ૩૧-૦૩-૨૦૨૬ |
|---|---|---|---|
| ૧૧૫,૯૯,૮૪,૩૫૬-૮૩ | સરવાળો આગળ લાવ્યા | | ૧૩૨,૫૦,૫૬,૩૫૧-૨૪ |
| ૨,૯૪,૬૧,૪૨૮-૦૦ | **અન્ય જવાબદારી** | | ૨,૮૮,૩૮,૧૨૦-૦૦ |
| ૨,૦૧,૩૬૪-૦૦ | સન્ડ્રી ક્રેડીટર્સ | ૨,૪૩,૫૬૪-૦૦ | |
| ૮,૧૮,૯૬૭-૦૦ | સ્ટાફ બોનસ જોગવાઈ | ૯,૨૯,૪૧૨-૦૦ | |
| ૨૧,૯૩,૩૭૪-૦૦ | સ્ટાફ બેનીફીટ ફંડ | ૨૧,૫૫,૮૩૮-૦૦ | |
| ૩૦,૪૫,૪૯૨-૦૦ | સ્ટાફ લીવ ફંડ | ૩૩,૪૯,૪૧૨-૦૦ | |
| ૫૧,૬૦૪-૦૦ | સસ્પેન્સ ખાતુ | ૫૧,૬૦૪-૦૦ | |
| ૨,૨૭,૯૦૦-૦૦ | પાર્ટી ડિપોઝીટ | ૨,૮૨,૯૦૦-૦૦ | |
| ૧,૦૮,૦૦૦-૦૦ | મકાન ભાડા ડિપોઝીટ | ૧,૦૮,૦૦૦-૦૦ | |
| ૦-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦૨૪-૨૫ | ૧,૬૮,૫૫૦-૦૦ | |
| ૨,૪૫,૧૫૬-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦૨૧-૨૨ | ૦-૦૦ | |
| ૨,૬૬,૯૪૨-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦૨૨-૨૩ | ૧,૨૭,૮૧૬-૦૦ | |
| ૨,૮૦,૯૨૨-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦૨૩-૨૪ | ૧,૩૦,૫૩૬-૦૦ | |
| ૧,૨૩,૮૦,૦૦૦-૦૦ | કી ડિપોઝીટ | ૧,૩૩,૯૦,૦૦૦-૦૦ | |
| ૫૧,૭૯૦-૦૦ | ડોરમેટ એકાઉન્ટ | ૮૧,૯૫૮-૦૦ | |
| ૯૫,૮૯,૯૧૭-૦૦ | સ્ટાફ પ્રો. ફંડ હિસાબ | ૭૮,૧૮,૫૩૦-૦૦ | |
| ૭,૭૧,૨૩,૦૨૮-૦૦ | ચુકવવાપાત્ર વ્યાજ | | ૯,૨૬,૨૯,૨૯૩-૦૦ |
| ૩,૦૨,૩૪,૦૮૫-૪૧ | નફા નુકશાન ખાતે | | ૩,૪૦,૪૮,૨૧૪-૮૮ |
| ૧૨૯,૬૮,૦૨,૮૯૮-૨૪ | | | ૧૪૮,૦૫,૭૧,૯૭૯-૧૨ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

**શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર**

તા. ૨૨/૦૪/૨૦૨૬

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૫ | મિલકતો | | ૩૧-૦૩-૨૦૨૬ |
|---|---|---|---|
| ૫૬,૫૧,૧૩,૪૧૮-૨૪ | સરવાળો આગળ લાવ્યા | | ૬૬,૪૩,૫૪,૦૬૮-૧૨ |
| ૬૩,૫૧,૧૫,૭૭૨-૦૦ | **સભાસદ ધિરાણ** | | ૭૩,૦૮,૧૮,૯૫૨-૦૦ |
| ૬,૭૨,૧૦,૫૯૪-૦૦ | જાતજામીન લોન | ૭,૫૩,૧૫,૨૬૧-૦૦ | |
| ૧,૬૮,૭૨,૭૭૮-૦૦ | તારણ લોન | ૨,૦૭,૪૦,૫૮૬-૦૦ | |
| ૮,૯૨,૬૭,૯૮૦-૦૦ | વાહન લોન | ૧૦,૧૪,૬૯,૩૬૪-૦૦ | |
| ૮૪,૬૯,૬૩૫-૦૦ | મશીનરી લોન | ૮૩,૪૪,૨૪૭-૦૦ | |
| ૧૨,૦૫,૫૧,૪૦૩-૦૦ | સભાસદ હાઉસીંગ લોન | ૧૩,૨૩,૧૯,૬૭૬-૦૦ | |
| ૧૪,૬૯,૪૩૯-૦૦ | રા. બચતપત્ર સામે ધિરાણ | ૨,૫૩,૨૮૧-૦૦ | |
| ૨૫,૮૮,૪૨,૯૧૪-૦૦ | સ્થાવર મિલકત લોન | ૩૦,૮૬,૨૭,૭૨૦-૦૦ | |
| ૨,૦૧,૧૩,૯૬૨-૦૦ | એજ્યુકેશન લોન | ૨,૩૧,૫૧,૪૯૬-૦૦ | |
| ૭૨,૮૭,૦૦૦-૦૦ | ગોલ્ડ લોન | ૧,૮૫,૮૫,૫૨૯-૦૦ | |
| ૪,૫૦,૩૦,૦૬૭-૦૦ | ઓવરડ્રાફ્ટ લોન | ૪,૨૦,૧૧,૭૯૨-૦૦ | |
| ૨,૨૭,૮૪,૯૮૬-૦૦ | **મિલકતો** | | ૨,૩૮,૫૩,૬૪૨-૦૦ |
| ૨૪,૯૩,૪૭૬-૦૦ | મકાન ખરીદી | ૨૪,૯૩,૪૭૬-૦૦ | |
| ૧,૬૮,૬૯૮-૦૦ | ઈલેક્ટ્રીફીકેશન | ૧,૪૩,૩૯૩-૦૦ | |
| ૧,૫૮,૩૯૩-૦૦ | એર કન્ડીશન | ૧,૩૪,૬૩૪-૦૦ | |
| ૪૪,૭૩૮-૦૦ | સી.સી. ટી.વી. કેમરા | ૩૮,૦૨૭-૦૦ | |
| ૧૨,૧૪૨-૦૦ | બોરીંગ ખાતે | ૧૦,૯૨૮-૦૦ | |
| ૮૨,૬૦,૫૦૦-૦૦ | જમીન ખરીદી | ૮૨,૬૦,૫૦૦-૦૦ | |
| ૭૦,૦૨,૮૦૩-૦૦ | મકાન બાંધકામ | ૮૩,૯૯,૦૫૫-૦૦ | |
| ૨૯,૮૭,૬૧૬-૦૦ | લોકર્સ | ૨૫,૩૯,૪૭૪-૦૦ | |
| ૪૯,૨૨૫-૦૦ | સીક્યુરીટી સીસ્ટમ | ૪૧,૮૪૧-૦૦ | |
| ૨,૩૭,૨૨૬-૦૦ | લીફ્ટ | ૨,૦૧,૬૪૨-૦૦ | |
| ૯,૨૫,૮૧૬-૦૦ | ફર્નિચર ફિક્ચર્સ | ૧૦,૦૬,૪૩૪-૦૦ | |
| ૭૭,૭૫૭-૦૦ | જનરેટર | ૫૮,૩૧૮-૦૦ | |
| ૧,૦૧,૧૫૦-૦૦ | કોમ્પ્યુટર ટેકનોલોજી | ૯૫,૯૭૦-૦૦ | |
| ૩૩,૯૧૭-૦૦ | વાહન ખરીદી | ૨૫,૪૩૮-૦૦ | |
| ૨,૩૧,૫૨૯-૦૦ | સોલાર સીસ્ટમ | ૧,૯૬,૮૦૦-૦૦ | |
| ૦-૦૦ | LED Display Screen | ૨,૦૭,૭૧૨-૦૦ | |
| ૪,૭૪,૦૭,૫૦૨-૦૦ | **મળવાપાત્ર વ્યાજ** | | ૩,૦૭,૦૬,૬૧૨-૦૦ |
| ૯૧,૮૬,૯૭૯-૦૦ | લેવાપાત્ર થાપણ વ્યાજ | ૫૯,૪૬,૪૩૪-૦૦ | |
| ૩,૬૭,૮૯,૧૪૮-૦૦ | લેવાપાત્ર ધિરાણ વ્યાજ | ૨,૩૬,૮૯,૮૩૭-૦૦ | |
| ૧૪,૩૧,૩૭૫-૦૦ | લેવાપાત્ર દંડનીય વ્યાજ | ૧૦,૭૦,૩૪૧-૦૦ | |
| ૧૨૭,૦૪,૨૧,૬૭૮-૨૪ | | | ૧૪૪,૯૭,૩૩,૨૭૪-૧૨ |

**નિરંજન માનાજી મિસ્ત્રી**
પ્રમુખ

**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**
મેનેજર

**જગદીશભાઈ એચ. પટેલ**
માનદ્ મંત્રી

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૫ | જવાબદારીઓ | | ૩૧-૦૩-૨૦૨૬ |
|---|---|---|---|
| ૧૨૯,૬૮,૦૨,૮૯૮-૨૪ | સરવાળો આગળ લાવ્યા | | ૧૪૮,૦૫,૭૧,૯૭૯-૧૨ |
| ૧૨૯,૬૮,૦૨,૮૯૮-૨૪ | | | ૧૪૮,૦૫,૭૧,૯૭૯-૧૨ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

તા. ૨૨/૦૪/૨૦૨૬

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજનું પાકું સરવૈયુ

| ૩૧-૦૩-૨૦૨૫ | મિલકતો | | ૩૧-૦૩-૨૦૨૬ |
|---|---|---|---|
| ૧૨૭,૦૪,૨૧,૬૭૮-૨૪ | સરવાળો આગળ લાવ્યા | | ૧૪૪,૯૭,૩૩,૨૭૪-૧૨ |
| ૨,૫૮,૧૪,૩૭૭-૦૦ | **અન્ય** | | ૩,૦૨,૯૨,૫૯૮-૦૦ |
| ૩,૯૬,૫૭૩-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૦૪-૦૫) | ૩,૯૬,૫૭૩-૦૦ | |
| ૩,૦૬,૩૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૦૫-૦૬) | ૩,૦૬,૩૦૦-૦૦ | |
| ૨,૦૦,૦૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૦૬-૦૭) | ૨,૦૦,૦૦૦-૦૦ | |
| ૨૦,૫૦,૨૭૪-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૧૧-૧૨) | ૨૦,૫૦,૨૭૪-૦૦ | |
| ૫૦,૯૮,૨૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૧૨-૧૩) | ૫૦,૯૮,૨૦૦-૦૦ | |
| ૫,૩૬,૦૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૧૩-૧૪) | ૫,૩૬,૦૦૦-૦૦ | |
| ૧૬,૩૧,૭૫૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ ખાતુ (૨૦૧૯-૨૦) | ૧૬,૩૧,૭૫૦-૦૦ | |
| ૧૨,૫૩,૨૨૪-૦૦ | ટી.ડી.એસ. કપાત | ૧૨,૭૯,૯૦૦-૦૦ | |
| ૨,૧૯,૨૦૦-૦૦ | કેશ ટ્રાન્ઝેકશન ટી.ડી.એસ. | ૨,૧૯,૨૦૦-૦૦ | |
| ૧,૪૧,૨૨,૮૫૬-૦૦ | થાપણ ટી.ડી.એસ. | ૧,૮૫,૭૪,૪૦૧-૦૦ | |
| ૫,૬૬,૮૪૩-૦૦ | **ચાલુ મિલ્કતો** | | ૫,૪૬,૧૦૭-૦૦ |
| ૩,૦૬,૯૭૯-૦૦ | સન્ડ્રી ડેબ્ટર્સ | ૨,૮૮,૪૭૯-૦૦ | |
| ૩૧,૬૫૬-૦૦ | ડીપોઝીટ (DGVCL) | ૩૧,૬૫૬-૦૦ | |
| ૧,૯૨૦-૦૦ | રેવન્યુ સ્ટેમ્પ સ્ટોક | ૨,૩૨૦-૦૦ | |
| ૧,૮૭,૮૬૮-૦૦ | સ્ટેશનરી સ્ટોક | ૧,૮૭,૯૫૮-૦૦ | |
| ૩૮,૪૨૦-૦૦ | બોર્ડ ઓફ નોમીનીઝ ફી | ૩૫,૬૯૪-૦૦ | |
| ૧૨૯,૬૮,૦૨,૮૯૮-૨૪ | | | ૧૪૮,૦૫,૭૧,૯૭૯-૧૨ |

| નિરંજન માનાજી મિસ્ત્રી | દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ | જગદીશભાઈ એચ. પટેલ |
|---|---|---|
| પ્રમુખ | મેનેજર | માનદ્ મંત્રી |

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના વર્ષનું નફા-નુકશાન ખાતુ

| ૩૧-૦૩-૨૦૨૫ | ખર્ચ | | ૩૧-૦૩-૨૦૨૬ |
|---|---|---|---|
| ૫,૪૦,૬૨,૨૩૩-૦૦ | **થાપણ વ્યાજ કમિશન ખર્ચ** | | ૬,૧૦,૬૩,૩૪૧-૦૦ |
| ૫,૦૦,૦૬,૩૬૩-૦૦ | કાયમી થાપણ વ્યાજ | ૫,૬૫,૯૬,૨૪૮-૦૦ | |
| ૧૭,૩૯,૯૮૦-૦૦ | નિયમીત બચત એજન્ટ કમિશન | ૧૮,૪૨,૩૪૧-૦૦ | |
| ૧૦,૪૨,૧૮૨-૦૦ | નિયમિત બચત વ્યાજ | ૧૨,૦૮,૪૫૮-૦૦ | |
| ૧૨,૭૩,૭૦૮-૦૦ | સેવિંગ્સ થાપણ વ્યાજ | ૧૪,૧૬,૨૯૪-૦૦ | |
| ૪૬,૮૪,૧૬૪-૦૦ | **કર્મચારી પગાર વિ.** | | ૫૨,૯૪,૯૬૦-૦૦ |
| ૪૦,૯૪,૮૩૨-૦૦ | પગાર ખર્ચ | ૪૬,૪૭,૦૬૨-૦૦ | |
| ૪,૮૪,૩૩૨-૦૦ | પ્રોવિડન્ડ ફંડ સંસ્થા ફાળો | ૫,૫૦,૯૯૮-૦૦ | |
| ૧,૦૫,૦૦૦-૦૦ | સ્ટાફ દિવાળી ગિફ્ટ | ૯૬,૯૦૦-૦૦ | |
| ૧૨,૦૬,૮૮૯-૦૦ | **કરવેરા, વીમા, ભાડા** | | ૧૯,૫૫,૧૨૫-૦૦ |
| ૬,૯૦૦-૦૦ | ઈન્કમટેક્ષ અપીલ ફી વિ. ખર્ચ | ૪,૪૦૦-૦૦ | |
| ૪૭,૧૨૪-૦૦ | મિલકત વેરો | ૪૭,૧૨૪-૦૦ | |
| ૧૦,૮૪,૬૬૮-૦૦ | વીમા પ્રીમયમ ખર્ચ | ૧૨,૭૯,૫૪૧-૦૦ | |
| ૬૮,૧૯૭-૦૦ | ગ્રેજયુઈટી પ્રિમિયમ | ૬,૨૪,૦૬૦-૦૦ | |
| ૪,૦૩,૫૧૦-૦૦ | **મરમત નિભાવ ખર્ચ** | | ૨,૪૨,૧૨૧-૦૦ |
| ૫,૪૯૦-૦૦ | ઈલેકટ્રીક ખર્ચ | ૯,૨૨૦-૦૦ | |
| ૧૧,૯૪૨-૦૦ | AMC ખર્ચ | ૧૧,૯૪૨-૦૦ | |
| ૨૨,૬૬૦-૦૦ | કોમ્પ્યુટર રીપેરીંગ | ૨૩,૨૫૦-૦૦ | |
| ૨,૭૯,૪૨૮-૦૦ | મિલકત નિભાવ ખર્ચ | ૧,૦૫,૧૧૫-૦૦ | |
| ૮૧,૨૪૦-૦૦ | લાઈટ બીલ ખર્ચ | ૫૩,૭૩૯-૦૦ | |
| ૨,૭૫૦-૦૦ | વાહન રીપેરીંગ ખર્ચ | ૧,૨૫૫-૦૦ | |
| ૦-૦૦ | મજુરી ખર્ચ | ૩૭,૬૦૦-૦૦ | |
| ૬,૦૩,૫૬,૭૯૬-૦૦ | સરવાળો આગળ લઈ ગયા | | ૬,૮૫,૫૫,૫૪૭-૦૦ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

તા. ૨૨/૦૪/૨૦૨૬

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના વર્ષનું નફા-નુકશાન ખાતુ

| ૩૧-૦૩-૨૦૨૫ | આવક | | ૩૧-૦૩-૨૦૨૬ |
|---|---|---|---|
| ૯,૫૪,૫૪,૮૪૫-૦૦ | **વ્યાજ આવક** | | ૧૦,૮૬,૮૨,૮૬૧-૦૦ |
| ૫,૭૯,૯૩,૧૧૪-૦૦ | ધિરાણ વ્યાજ | ૬,૩૯,૪૧,૦૦૯-૦૦ | |
| ૪૨,૪૦૭-૦૦ | નેશનલાઈઝ બેંક થાપણ વ્યાજ | ૩૨,૧૦૪-૦૦ | |
| ૩,૭૪,૧૯,૩૨૪-૦૦ | સહકારી બેંક થાપણ વ્યાજ | ૪,૪૭,૦૯,૭૪૮-૦૦ | |
| ૩,૨૩,૮૮૮-૮૪ | **અન્ય આવક** | | ૩,૪૪,૯૮૫-૦૪ |
| ૪૫,૪૬૮-૮૪ | અન્ય આવક | ૬૬,૩૫૫-૦૪ | |
| ૪,૬૭૦-૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૪,૮૮૦-૦૦ | |
| ૧૫૦-૦૦ | શેર ડીવીડન્ડ આવક | ૧૫૦-૦૦ | |
| ૨,૭૩,૬૦૦-૦૦ | મકાન ભાડા આવક | ૨,૭૩,૬૦૦-૦૦ | |
| ૯,૫૭,૭૮,૭૩૩-૮૪ | | | ૧૦,૯૦,૨૭,૮૪૬-૦૪ |

**નિરંજન માનાજી મિસ્ત્રી**
પ્રમુખ

**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**
મેનેજર

**જગદીશભાઈ એચ. પટેલ**
માનદ્ મંત્રી

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## તા. ૩૧/૦૩/૨૦૨૬ ના વર્ષનું નફા-નુકશાન ખાતુ

| ૩૧-૦૩-૨૦૨૫ | ખર્ચ | | ૩૧-૦૩-૨૦૨૬ |
|---|---|---|---|
| ૬,૦૩,૫૬,૭૯૬-૦૦ | સરવાળો આગળ લાવ્યા | | ૬,૮૫,૫૫,૫૪૭-૦૦ |
| ૮,૭૫,૪૩૨-૪૩ | **વહીવટી ખર્ચ** | | ૮,૪૫,૭૫૮-૧૬ |
| ૫૦,૦૦૦-૦૦ | ઓડીટ ફી+કન્સલ્ટીંગ ફી વિ.ખર્ચ | ૬૦,૦૦૦-૦૦ | |
| ૫૮,૫૬૭-૦૦ | કાર્યાલય ખર્ચ | ૭૨,૩૧૪-૦૦ | |
| ૪૨,૦૦૦-૦૦ | કોમ્પ્યુટર કન્ટીજન્સી ખર્ચ | ૪૨,૦૦૦-૦૦ | |
| ૧,૧૧,૬૨૨-૦૦ | જાહેરાત ખર્ચ | ૯૭,૪૬૨-૦૦ | |
| ૨૩,૬૭૪-૦૦ | ઝેરોક્ષ તથા ટાઈપ ખર્ચ | ૩૩,૫૨૯-૦૦ | |
| ૮૯,૪૯૦-૦૦ | તાર-ટપાલ-ટેલિફોન ખર્ચ | ૬૩,૯૫૪-૦૦ | |
| ૧,૩૩,૧૦૭-૯૭ | પરચુરણ ખર્ચ | ૬૨,૨૭૩-૦૦ | |
| ૧૦,૩૬૫-૪૬ | બેંક કમીશન | ૨૬,૮૬૪-૧૬ | |
| ૪૭,૧૧૮-૦૦ | મહેમાન સરભરા ખર્ચ | ૭૦,૪૫૨-૦૦ | |
| ૩૯,૭૫૦-૦૦ | મુસાફરી ખર્ચ | ૧૩,૦૧૦-૦૦ | |
| ૪૭,૩૧૨-૦૦ | વાર્ષિક સામાન્ય સભા ખર્ચ | ૫૭,૯૪૪-૦૦ | |
| ૧,૫૦૦-૦૦ | સભ્ય ફી ખર્ચ | ૨,૫૯૦-૦૦ | |
| ૦-૦૦ | સહકારી શિક્ષણ તાલીમ ખર્ચ | ૨૦,૨૦૦-૦૦ | |
| ૬૪,૪૪૯-૦૦ | સ્ટાફ યુનિફોર્મ ખર્ચ | ૩૮,૪૧૮-૦૦ | |
| ૫૯,૮૦૫-૦૦ | સ્ટેશનરી ખર્ચ | ૧,૨૪,૪૯૪-૦૦ | |
| ૩,૯૦૦-૦૦ | મેડીકલ કેમ્પ ખર્ચ | ૪,૮૦૦-૦૦ | |
| ૫૭,૩૭૨-૦૦ | આઈકાર્ડ ખર્ચ | ૧૧,૩૨૮-૦૦ | |
| ૩૫,૪૦૦-૦૦ | વેબસાઈટ ખર્ચ | ૧૦,૬૨૦-૦૦ | |
| ૦-૦૦ | ચુંટણી ખર્ચ | ૨૬,૦૭૬-૦૦ | |
| ૦-૦૦ | પોસ્ટલ સ્ટેમ્પ ખર્ચ | ૭,૪૩૦-૦૦ | |
| ૧૮,૮૩,૪૫૩-૦૦ | ઘસારાની જોગવાઈ | | ૧૮,૯૮,૯૧૪-૦૦ |
| ૨૪,૨૮,૯૬૭-૦૦ | અન્ય જોગવાઈ | | ૩૬,૭૯,૪૧૨-૦૦ |
| ૩,૦૨,૩૪,૦૮૫-૪૧ | નફા નુકશાન ખાતે | | ૩,૪૦,૪૮,૨૧૪-૮૮ |
| ૯,૫૭,૭૮,૭૩૩-૮૪ | | | ૧૦,૯૦,૨૭,૮૪૬-૦૪ |

અમારા આ જ તારીખનાં રિપોર્ટ પ્રમાણે તપાસ્યુ છે અને બરાબર માલુમ પડયુ છે.

શ્રી આશિષ મોદી એન્ડ કાં. (સી.એ.) ઈન્ટરનલ ઓડીટર

તા. ૨૨/૦૪/૨૦૨૬

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## સને ૨૦૨૫-૨૬ ના ચોખ્ખા નફાની ફાળવણી

(પેટા કાયદા નંબર ૬૩-બ મુજબ)

| રૂા. પૈ. | જમા | રૂા. પૈ. | ઉધાર |
|---|---|---|---|
| ૩,૪૦,૪૮,૨૧૪-૮૮ | **ચોખ્ખો નફો** | ૮૫,૧૨,૦૫૩-૮૮ | રિઝર્વ ફંડ ૨૫% |
| | | ૩,૦૦,૦૦૦-૦૦ | શિક્ષણ ફંડ<br>(ચો.નફાનાં ૨.૫૦% અથવા ૩ લાખ બન્ને માંથી જે ઓછી હોય તે રકમ) |
| | | ૩૧,૮૭,૩૫૮-૦૦ | શેર ડિવિડન્ડ ૨૦.૦૦% |
| | | ૫૧,૦૭,૨૩૨-૦૦ | ડુબત લેણા ફંડ ૧૫.૦૦%<br>(કલમ ૬૭ એ મુજબ) |
| | | ૧,૬૯,૪૧,૫૭૧-૦૦ | **બાકી રહેલો નફો** |
| | | ૫,૦૮,૨૪૭-૦૦ | કન્ટીજન્સી ફંટ ૩.૦૦% |
| | | ૧,૬૯,૪૧૬-૦૦ | વ્યાજ રિબેટ ૧.૦૦% |
| | | ૧,૬૯,૪૧૬-૦૦ | સ. કલ્યાણ ફંડ ૧.૦૦% |
| | | ૩,૩૮,૮૩૧-૦૦ | ધર્માદા ફંડ ૨.૦૦% |
| | | ૫,૦૮,૨૪૭-૦૦ | ડિ.ઈ. ફંડ ૩.૦૦% |
| | | ૮,૪૭,૦૭૯-૦૦ | ઉ. ઉજવણી ફંડ ૫.૦૦% |
| | | ૨૫,૪૧,૨૩૬-૦૦ | બિલ્ડીંગ ફંડ ૧૫.૦૦% |
| | | ૮,૪૭,૦૭૯.૦૦ | સ.અ.વળતર ફંડ ૫.૦૦% |
| | | ૯૯,૯૫,૫૨૫-૦૦ | સભાસદ લ્હાણી ફંડ ૫૯.૦૦% |
| | | ૧,૬૯,૪૧૬-૦૦ | સહકાર પ્રચાર ફંડ ૧.૦૦% |
| | | ૮,૪૭,૦૭૯-૦૦ | શકમંદ લેણા ફંડ ૫.૦૦% |
| ૩,૪૦,૪૮,૨૧૪-૮૮ | | ૩,૪૦,૪૮,૨૧૪-૮૮ | |

**નિરંજન માનાજી મિસ્ત્રી**
પ્રમુખ

**મનિષભાઈ સી. પટેલ**
ઉપ પ્રમુખ

**જગદીશભાઈ એચ. પટેલ**
માનદ્ મંત્રી

**નિલેશભાઈ જી. ગુપ્તા**
સહમંત્રી

**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**
મેનેજર

## પેટા કાયદામાં સુધારો

| પેટા કાયદા નંબર | હાલનો પેટા કાયદો | સુધારેલ પેટા કાયદો | સુધારનાં કારણો |
|---|---|---|---|
| ૩(૧૩) | નવો | સંસ્થા સભાસદોનાં હિતમાં સહકારી મોલ, ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ, પેટ્રોલ પંપ, ડિઝલ પંપ, ઈલેકટ્રીક ચાર્જિંગ સ્ટેશન સ્થાપી શકશે તથા વિવિધ વેપારી પ્રવૃતિઓ હાથ ધરી શકશે. | સભાસદોનાં હિતમાં |
| ૨૪ | વાહન લોન (કવોટેશનનાં ૭૫% સુધી) વધુમાં વધુ રકમ રૂ. ૩૫ લાખ, મુદત ૬૦ માસ | વાહન લોન (કવોટેશનનાં ૭૫% સુધી) વધુમાં વધુ રકમરૂ. ૫૦ લાખ, મુદત ૧૦૦ માસ | સભાસદોની વારંવારની માંગણીને ધ્યાનમાં લેતા |
| ૨૪ | હાઉસીંગ / મોર્ગેજ લોન દસ્તાવેજનાં ૯૦% અથવા વેલ્યુએશનનાં ૭૦% સુધી વધુમાં વધુ રકમ રૂ. ૭૫ લાખ, મુદત ૨૦૦ માસ | હાઉસીંગ / મોર્ગેજ લોન દસ્તાવેજનાં ૯૦% અથવા વેલ્યુએશનનાં ૭૦% સુધી વધુમાં વધુ રકમ રૂ. ૧.૨૫ કરોડ, મુદત ૨૦૦ માસ | સભાસદોની વારંવારની માંગણીને ધ્યાનમાં લેતા |
| ૨૪ | મશીનરી લોન (ક્વોટેશનનાં ૭૫% સુધી) વધુમાં વધુ રકમ રૂ. ૨૫ લાખ, મુદત ૬૦ માસ | મશીનરી લોન (ક્વોટેશનનાં ૭૫% સુધી) વધુમાં વધુ રકમ રૂ. ૫૦ લાખ, મુદત ૧૦૦ માસ | સભાસદોની વારંવારની માંગણીને ધ્યાનમાં લેતા |
| ૨૪ | કેશ ક્રેડિટ / ઓવરડ્રાફટ લોન (વેલ્યુએશનનાં ૭૦% સુધી) વધુમાં વધુ રકમ રૂ. ૭૫ લાખ, દર બે વર્ષે રીન્યુ | કેશ ક્રેડિટ / ઓવરડ્રાફટ લોન (વેલ્યુએશનનાં ૭૦% સુધી) વધુમાં વધુ રકમ રૂ. ૧ કરોડ, દર બે વર્ષે રીન્યુ | સભાસદોની વારંવારની માંગણીને ધ્યાનમાં લેતા |

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## સભાસદો માટે અગત્યનું

૧. લોન લેનાર તમામ સભાસદોએ કામનાં ઝડપી નિકાલ માટે સંપૂર્ણ વિગતો સાથે અરજી કરવી આવશ્યક છે.
૨. કરજદારો તથા જામીનો સોસાયટી સાથેનાં વ્યવહારમાં નિયમિત રહી પોતાની શાખ વધારે એવી વિનંતી છે.
૩. જામીન થનાર સભાસદ કરજદારના કરજ, વ્યાજ તથા વસુલાત અંગેના તમામ ખર્ચની વસુલાત આપવા માટે સંયુકત અને ભિન્ન ભિન્ન રીતે જવાબદાર ગણાય છે.
૪. તા. ૩૧-૦૩-૨૦૨૬ સુધીના શેર પ્રમાણપત્ર તૈયાર થઈ ગયા હોય સભાસદોને લઈ જવા વિનંતી.
૫. આ સંસ્થાનાં સભાસદોને જ લોન આપવામાં આવે છે.
૬. પત્ર વ્યવહારની સગવડતા માટે દરેક સભાસદોએ તેમના ફેરફાર થતાં સરનામાંની જાણ (ફોન નંબર સહિત) સોસાયટીને લેખિત કરવી.
૭. તમામ સભાસદોએ પોતાના સ્માર્ટકાર્ડ ન બનાવ્યા હોય તો સંસ્થામાંથી ફોર્મ મેળવી આધારકાર્ડની ઝેરોક્ષ અને ૧ પાસપોર્ટ સાઈઝના રંગીન ફોટા આપી સ્માર્ટકાર્ડ મેળવી લેવા. જે સભાસદોને સ્માર્ટકાડ માટે SMS મળેલ છે તેમણે પોતાના સ્માર્ટકાર્ડ ઓફિસે આવી મેળવી લેવા વિનંતી.
૮. જો કોઈ આર્થિક રીતે નબળા વર્ગના સભાસદનું કોઈપણ કારણસર મૃત્યુ થાય તો વારસદારને રૂા. ૧૧,૦૦૦/- તાત્કાલિક સહાય આપવામાં આવશે.
**૯. સભાસદોની ૫ લાખની અકસ્માત વીમા પોલીસી હોય જો કોઈ સભાસદનું અકસ્માત થી મૃત્યુ થાય તો વારસદારે તાત્કાલિક સંસ્થામાં મેનેજરશ્રી નો સંપર્ક કરવો. કલેઈમ માટે (૧) પોલીસ એફ.આઈ.આર. (૨) પી.એમ. રિપોર્ટ (૩) પોલિસ પંચનામું (૪) મરણોત્તર પંચનામું (૫) શેર પ્રમાણપત્રની ઝેરોક્ષ (૬)વારસદાર ના આધારકાર્ડની સ્વ પ્રમાણિત નકલ (૭) સંસ્થાનાં આળખપત્રની ઝેરોક્ષ (૮) ઓરીજનલ મરણનો દાખલો તથા વિમાકંપની દ્વારા માંગવામાં આવતા જરૂરી પેપર્સ, જે તે ખાતા દ્વારા નોટરી કરીને બે નકલમાં સમયસર આપવાનાં રહેશે.**
૧૦. આપણી સંસ્થામાં લેવડ-દેવડનો ટાઈમ નીચે મુજબ રહેશે.
લેવડ-દેવડનો સમય સવારે ૧૦:૩૦ કલાક થી સાંજે ૪:૦૦ કલાક સુધી.
દર મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા રહેશે.
**૧૧. સંસ્થાના પેટા કાયદા મુજબ દરેક સભાસદોએ સેવિંગ્સ ખાતા ખોલાવવા ફરજિયાત છે.**
૧૨. સંસ્થામાં લોકરની સુવિધા ઉપલબ્ધ છે.

## સોસાયટીના મુખ્ય કર્મચારી ગણ

| | | |
|---|---|---|
| ૦૧ | દિનેશચંદ્ર ધનસુખભાઈ પ્રજાપતિ | મેનેજર |
| ૦૨ | ચેતનકુમાર ઠાકોરભાઈ મૈસુરીયા | આસી. મેનેજર |
| ૦૩ | સુનિલકુમાર ભરતભાઈ રાજપૂત | સીન. કલાર્ક |
| ૦૪ | જતિનકુમાર નવીનચંદ્ર ઢીમર | સીન. કલાર્ક |
| ૦૫ | મિનેષકુમાર હરકીશનભાઈ પટેલ | સીન. કલાર્ક |
| ૦૬ | જીજ્ઞેશકુમાર સુરેશભાઈ લાડ | જુન. કલાર્ક |
| ૦૭ | મનોજકુમાર રમેશભાઈ ખત્રી | જુન. કલાર્ક |
| ૦૮ | રાજુભાઈ છીતુભાઈ આહીર | સેવક |
| ૦૯ | આયુષ કાંતિલાલ ગોહિલ | સેવક |
| ૧૦ | પુષ્પાબેન દિલીપભાઈ પરમાર | સેવક |
| ૧૧ | સંગીતાબેન ચેતનભાઈ પટેલ | સેવક |

## અધિકૃત એજન્ટો

| ક્રમ | એજન્ટનું નામ | કોડ |
|---|---|---|
| ૦૧ | રીનાબેન જીજ્ઞેશકુમાર પારેખ | ૦૯ |
| ૦૨ | મનિષકુમાર કિશોરભાઈ બારોટ | ૧૦ |
| ૦૩ | હિનાબેન રાજુભાઈ પટેલ | ૧૨ |
| ૦૪ | અવનીબેન વિનોદભાઈ ચૌહાણ | ૧૬ |
| ૦૫ | નિલેશકુમાર ચંપકભાઈ પટેલ | ૧૭ |

## -: નિયમિત બચત ખાતાના ખાતેદારોને અગત્યની સૂચના :-

૧. સોસાયટીએ અધિકૃત કરેલ ઉપરોકત એજન્ટોને જ રકમ આપવાની રહેશે,
તે સિવાય અન્ય વ્યકિતને આપેલ રકમ માટે સોસાયટીની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

૨. દરેક ખાતેદારે એજન્ટને રકમ આપતી
વખતે રૂપિયા આપ્યાની પંહોચ લેવાની જવાબદારી ખાતેદારની પોતાની રહેશે.

૩. નિયમતિ બચત યોજનામાં છ માસમાં
જમા થયેલ રકમના વધુમાં વધુ ૮૦ ટકા રકમ છ માસ પછી ઉપાડી શકાશે.

**૪. દરેક ખાતેદાર પોતાનું ખાતું ખોલાવતી વખતે પોતાનાં પાસપોર્ટ સાઈઝનાં ફોટા
તથા ઓળખપત્ર જેમકે, આધારકાર્ડ, પાનકાર્ડ, લાયસન્સ, ચુંટણી કાર્ડ આપે તે જરૂરી છે.**

૫. દરેક ખાતેદારે અધિકૃત આ સંસ્થાના એજન્ટ પાસે ખાતુ ખોલાવતાં
સહીના નમૂના કાર્ડ પર સહી અવશ્ય આપવી.

૬. નિયમિત બચત ખાતામાં ગ્રાહકો ખાતુ ખોલાવ્યા પછી ૬ માસ સુધી ખાતુ બંધ કરી શકશે નહી.
અગર જો ખાતુ બંધ કરાવે તો સ્ટેશનરી ખર્ચ અને એજન્ટોને ચૂકવેલ કમિશન કાપી લેવામાં આવશે.

૭. બચતખાતામાં વર્ષમાં બે ઉપાડથી (છ છ મહિને) વધુ વખત
ઉપાડ કરશે તો ઉપાડેલ રકમ પર મંડળીએ ચૂકવેલ એજન્ટ કમિશન કાપી લેવામાં આવશે.

૮. સંસ્થામાં સભાસદોના જ ખાતા ખોલવામાં આવે છે.

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

**તા. ૦૩/૦૫/૨૦૨૩ થી અમલમાં**

## થાપણનાં વ્યાજના દર

**૧. સેવિંગ્સ ખાતુઃ** (વ્યાજનો દર ૨.૫૦%)

સેવિંગ્સ ખાતાની ઠરાવેલી રીતે જમા રહેતી રકમ પર વ્યાજ પ્રતિ છ માસે જમા આપવામાં આવશે. આ ખાતામાં અનુકુળતા પ્રમાણે રકમ જમા કરાવી શકાશે તેમજ ઉપાડી શકાશે.

**૨. નિયમિત બચત ખાતુઃ** (વ્યાજનો દર ૨.૫૦%)

(અ) સભાસદો પોતાની સગવડ મુજબ દરરોજ, અઠવાડિક, પખવાડિક અથવા માસિક રકમ જમા કરાવી શકાશે.
(બ) સોસાયટીએ નિયુકત કરેલ નિયમિત બચત એજન્ટો દ્વારા ઘર બેઠા રકમ જમાં કરાવવાની સગવડ આપવામાં આવે છે.

**૩. ફિક્સ ડિપોઝીટ : (બાંધી મુદત થાપણ)**

| | | | |
|---|---|---|---|
| (૧) ૪૬ દિવસ | **૩.૫૦%** | (૩) ૨ વર્ષ | **૫.૭૫%** |
| (૨) ૧ વર્ષ | **૫.૫૦%** | (૪) ૩ વર્ષથી ૫ વર્ષ | **૬.૨૫%** |

(૫) જે. કે. સમૃધ્ધિ કેશ ડિપોઝીટ યોજનામાં રૂા. ૧૦૦૦ નાં ગુણાંકમાં મુકેલ રકમ ૧૨૬ માસે ડબલ થશે.

**૪. વિકાસ થાપણઃ**

સોસાયટીમાં થાપણદારોની વિકાસ થાપણ યોજનામાં થાપણ પરનું વ્યાજ દર ત્રણ માસે તેમનાં સેવિંગ્સ ખાતામાં જમા આપવામાં આવશે. આ થાપણનાં વ્યાજનાં દર જે તે મુદતના દર કરતાં અડધો ટકો ઓછો રહેશે. (એક વર્ષથી વધુ મુદતની થાપણ ઉપર)

**❋ સંસ્થામાં સભાસદોની જ થાપણ સ્વીકારવામાં આવે છે અને લોન આપવામાં આવે છે. ❋**

**નોંધઃ** સિનિયર સીટીઝન અને દિવ્યાંગને ૧ વર્ષ કે તેથી વધારે મુદત માટે મૂકેલ હોય તો થાપણનાં ચાલુ દર કરતા ૦.૨૫ % વધુ વ્યાજ આપવામાં આવશે.

**વિનંતીઃ** સભાસદોને આપવામાં આવતી મૃત્યુ સહાય ફકત આર્થિક રીતે નબળા વર્ગોને જ લાભ લેવા વિનંતી સક્ષમ સભાસદોએ આ લાભ ન લઈ નબળા વર્ગના સભાસદોને સહાયરૂપ થવા વિનંતી.

## ધિરાણનાં વ્યાજના દર તા. ૦૧-૦૨-૨૦૨૪ થી અમલમાં

| ક્રમ | ધિરાણનો પ્રકાર | ધિરાણની મર્યાદા | વ્યાજનો દર | મુદત |
|---|---|---|---|---|
| (૧) | એજ્યુકેશન લોન | રૂા. ૨૫,૦૦,૦૦૦ સુધી | ૮.૦૦ % | ૧૨૦ માસ |
| (૨) | સોલારપેનલ / ઈ-બાઈક+ઈ-રીક્ષા | રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધી | ૮.૦૦ % | ૬૦ માસ |
| (૩) | હાઉસીંગ / મોર્ગેજ લોન | રૂા. ૭૫,૦૦,૦૦૦ સુધી | ૯.૦૦ % | ૧૨૦ માસ |
| (૪) | ઓવરડ્રાફટ લોન | રૂા. ૭૫,૦૦,૦૦૦ સુધી | ૮.૫૦ % | દર બે વર્ષે રીન્યુ |
| (૫) | વાહન લોન | રૂા. ૩૫,૦૦,૦૦૦ સુધી | ૯.૦૦ % | ૬૦ માસ |
| (૬) | મશીનરી લોન | રૂા. ૨૫,૦૦,૦૦૦ સુધી | ૯.૦૦ % | ૬૦ માસ |
| (૭) | જાત જામીન લોન | રૂા. ૪,૦૦,૦૦૦ સુધી | ૧૧.૦૦ % | ૮૪ માસ |
| (૮) | રાષ્ટ્રીય બચતપત્ર સામે ધિરાણ | ૭૫ ટકા સુધી | ૯.૦૦ % | પાકતી તારીખ |
| (૯) | ગોલ્ડ લોન | ૭૦ ટકા સુધી | ૯.૦૦ % | ૧૨ માસ |
| (૧૦) | બારમાસી જીવન જરૂરી લોન | રૂા. ૫૦,૦૦૦ સુધી | ૯.૦૦ % | ૨૪ માસ |

## ઓડિટ રિપોર્ટ

હમોએ ચકાસેલ શ્રી બારડોલી જનતા કો. ઓ. ક્રેડિટ સો. લિ. નું તા. ૩૧-૩-૨૦૨૬ નાં રોજનું પાકુ સરવૈયુ અને સને ૨૦૨૫-૨૦૨૬ નાં વર્ષનું નફા-નુકશાન ખાતુ હમારી સમક્ષ રજુ કરેલાં સંબધિત હિસાબી ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસી માન્ય થયેલ  ધોરણોને આધારે નીચે મુજબ ઓડિટ રિપોર્ટ કરીએ છીએ.

૧. હમોને હમારા ઈન્ટરનલ ઓડિટ દરમ્યાન મળેલ માહિતીઓ તદુપરાંત ખુલાસાઓ પરથી માલુમ પડે છે કે નાણાંકીય અહેવાલો તથા અગત્યની તમામ માહિતીઓ સાચી છે. તેમજ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ મુજબ તમામ યોગ્ય ચોપડાઓ તેમજ દફતરો રાખ્યા છે.

૨. આ વાર્ષિક અહેવાલમાં સામેલ સરવૈયુ મંડળીની તા. ૩૧-૩-૨૦૨૬ ની સાચી આર્થિક પરિસ્થિતિ તથા નફા નુકશાન ખાતુ સને ૨૦૨૫-૨૦૨૬ નાં વર્ષના નફા અંગે સાચો અને વ્યાજબી ખ્યાલ દર્શાવે છે.

૩. વાર્ષિક અહેવાલમાં દર્શાવેલ સરવૈયુ તથા આવક-જાવકનો હિસાબ મંડળીનાં ચોપડાઓ સાથે મળી રહે છે.

૪. ઓડિટમાં મંડળીની વ્યવસ્થાપક કમિટીએ કરેલ હિસાબી પધ્ધતિનાં સિધ્ધાંતોની મુલવણી તથા મહત્વનાં તમામ વ્યવહારોનો તપાસણીમાં સમાવેશ થાય છે અને તે મંડળીની સાચી અને વ્યાજબી પરિસ્થિતનો અહેવાલ રજુ કરે છે.

સ્થળ : સુરત<br>તા. ૨૨/૦૪/૨૦૨૬

શ્રી આશિષ મોદી એન્ડ કુાં સુરત<br>(ઈન્ટરનલ ઓડિટરશ્રી (સી.એ.)

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

## સંસ્થાનો છેલ્લા પાંચ વર્ષનો પ્રગતિ રિપોર્ટ

(રૂ. લાખમાં)

| અનું. નં. | વિગત | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભરપાઈ થયેલ શેર ભંડોળ | ૧૫૭.૧૧ | ૧૫૯.૮૫ | ૧૬૦.૮૫ | ૧૫૯.૩૯ | ૧૬૦.૨૯ |
| ૨ | કામકાજનું ભંડોળ | ૧૦૨૧૭.૫૦ | ૧૦૮૧૩.૬૨ | ૧૧૩૩૨.૩૮ | ૧૨૬૬૫.૬૮ | ૧૪૪૬૫.૨૪ |
| ૩ | અનામત ભંડોળ | ૧૧૯૮.૭૮ | ૧૪૩૨.૫૩ | ૧૪૦૨.૪૨ | ૧૫૨૩.૮૯ | ૧૭૩૩.૦૮ |
| ૪ | થાપણો | ૭૯૬૭.૫૦ | ૮૨૦૨.૨૪ | ૮૭૦૭.૪૪ | ૯૮૨૬.૫૬ | ૧૧૪૦૧.૦૯ |
| ૫ | ધિરાણ | ૪૬૫૪.૪૨ | ૫૨૦૫.૦૩ | ૫૭૩૧.૫૮ | ૬૩૫૧.૧૬ | ૭૩૦૮.૧૯ |
| ૬ | ચો. નફો | ૪૨.૮૮ | ૪૫.૭૭ | ૩૧૫.૯૬ | ૩૦૨.૩૪ | ૩૪૦.૪૮ |
| ૭ | સભાસદ સંખ્યા | ૭૨૨૭ | ૭૪૬૮ | ૭૫૭૯ | ૭૫૧૩ | ૭૬૧૯ |
| ૮ | ઓડિટ વર્ગ | ‘અ’ | ‘અ’ | ‘અ’ | ‘અ’ | બાકી |
| ૯ | ડિવિડન્ડ | ૧૨% | ૧૨% | ૧૨% | ૧૫% | ૨૦% ભલામણ |
| ૧૦ | ભેટ કૂપન | - | રૂા. ૭૫૦/-<br>+ મિલેટસ કીટ | ૨૦૦૦ સુધીની ભેટ<br>(રજત જયંતિ ભેટ) | રૂા. ૭૫૦/- | રૂા. ૧૨૫૦/-<br>ભલામણ |

**નિરંજન માનાજી મિસ્ત્રી**
પ્રમુખ

**મનિષભાઈ સી. પટેલ**
ઉપ પ્રમુખ

**જગદીશભાઈ એચ. પટેલ**
માનદ્ મંત્રી

**નિલેશભાઈ જી. ગુપ્તા**
સહમંત્રી

**દિનેશચંદ્ર ડી. પ્રજાપતિ**
મેનેજર

## બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સો.લિ.ની ૨૫મી વાર્ષિક સભા મળી : સભાસદોને ૧૫ ટકા ડિવિ. અને ૭૫૦ની ભેટ અપાશે



બારડોલી : બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.ની ૨૫મી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. તા. ૩૧-૩-૨૦૨૫ના રોજ સંસ્થાની કુલ થાપણ ૯૮.૨૬ કરોડ અને કુલ ધિરાણ રૂ. ૬૩.૫૧ કરોડ મળી કુલ રૂ. ૧૬૧.૭૭ કરોડનો બિઝનેસ ધરાવે છે. હાલમાં સંસ્થાની કુલ થાપણ રૂ. ૧૦૩ કરોડ છે. ડિસેમ્બરમાં સંસ્થાના રજતજયંતી મહોત્સ ઉજવાયો હતો. આ નિમિત્તે સભાસદોને રૂ. ૨,૦૦૦ની ભેટ આપવાનાં નિર્ણય લેવાયો હતો. સંસ્થાના ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ, માનદમંત્રી જગદીશભાઈ, સહમંત્રી નિલેશભાઈ ગુપ્તા તથા કા. સભ્યો, મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિ અને કર્મચારીગણની કામગીરીને બિરદાવી ૨૦૨૪-૨૫નો ચોખ્ખો નફો રૂ. ૩.૦૨ કરોડ થયો હોવાનું જણાવ્યું હતું. આ વર્ષે પણ ચોખ્ખા નફામાંથી સભાસદોને ૧૫ % ડિવિડન્ડ અને રૂ. ૭૫૦ની ભેટકુપન આપવાની જાહેરાત કરી હતી. મેનેજરે એજન્ડા મુજબની કાર્યવાહી કરી હતી. સભામાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આભાર વિધિ ઉપપ્રમુખ મનીષભાઈ પટેલે કરી, સભાનું સંચાલન નિલેશભાઈ ગુપ્તાએ કર્યુ હતું.

**સંદેશ**

## બારડોલી જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી ઉત્તમ કામગીરી બદલ દ્વિતિય

### ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા 2024-25 યોજાયેલી શિલ્ડ હરીફાઇ

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં સુરત અને તાપી જિલ્લામાં ઉત્તમ કામગીરી કરનાર શરાફી ધિરાણ મંડળીઓ માટે યોજાયેલી શિલ્ડ હરીફાઈમાં બારડોલીની જનતા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ને દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે.

સુરત જિલ્લા સહકારી સંઘ દ્વારા આયોજિત ૭૨મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમમાં આ સિદ્ધિ બદલ સોસાયટીને પુરસ્કૃત કરવામાં આવી હતી. તા. ૧૪-૧૧-૨૦૨૫ના રોજ આયોજિત કાર્યક્રમમાં સુરત જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ ભીખાભાઈ ઝેડ. પટેલના હસ્તે સંસ્થાના હોદ્દેદારોને આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

સન્માન મેળવનાર હોદ્દેદારોમાં સંસ્થાના પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રી, ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ, ડિરેક્ટરો મહેન્દ્રસિંહ ચૌહાણ, આનંદભાઈ ટેલર, વિમલ પટેલ, રમિત શાહ અને મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિનો સમાવેશ થાય છે. સંસ્થાની આ શ્રેષ્ઠ કામગીરી સહકારી ક્ષેત્રમાં બારડોલીનું ગૌરવ વધારી રહી છે.



બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટીને આકર્ષક શિલ્ડ

**દિવ્ય ભાસ્કર**

## બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટીને આકર્ષક શિલ્ડ એનાયત કરાયો



**ધબકાર પ્રતિનિધિ, બારડોલી, તા. ૧૪**

ગુજરાત રાજ્ય સહકારી સંઘ અમદાવાદ દ્વારા ૨૦૨૪-૨૫નાં વર્ષમાં સુરત/તાપી જિલ્લામાં ઉત્તમ કામગીરી કરનાર શરાફી ધિરાણ મંડળીઓમાં શ્રેષ્ઠ કામગીરી અંગે શિલ્ડ હરિફાઇ યોજી હતી. જેમાં બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટીને દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે. સુરત જિલ્લા સહકારી સંઘ દ્વારા આયોજિત તા.૧૪-૧૧-૨૦૨૫નાં રોજ ૭૨માં અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમમાં સંસ્થાનાં પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રી, ઉપપ્રમુખ મનિષભાઇ પટેલ, ડિરેક્ટર મહેન્દ્રસિંહ ચૌહાણ, આનંદભાઇ ટેલર, વિમલ પટેલ, રમિત શાહ અને મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિને સુરત જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ ભીખાભાઇ ઝ પટેલ દ્વારા આકર્ષક શિલ્ડ અને પ્રશસ્તિપત્રથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

**દિવ્ય ભાસ્કર**

## બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સો.ની 25મી વાર્ષિક સભા સંપન્ન



બારડોલીઃ બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.ની 25મી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાનાં પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને મળી હતી. તા.31-3-2025નાં રોજ સંસ્થાની કુલ થાપણ 98.26 કરોડ અને કુલ ધિરાણ રૂ.63.51 કરોડ મળી કુલ રૂ.161.77 કરોડ બિઝનેસ ધરાવતી આ સંસ્થાનું સુકાન સોંપવા બદલ થાપણ મુકનાર તથા ધિરાણ મેળવનાર તમામ સભાસદોનો તેણે આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાની કુલ થાપણ રૂ.103 કરોડ હોવાનું જણાવ્યું હતું. રજત જયંતી નિમિત્તે રૂ.2000ની ભેટ આપવાનાં નિર્ણયને સભાસદોએ ઐતિહાસિક નિર્ણય ગણાવ્યો હતો. કારણ કે ગુજરાતની પ્રથમ સહકારી સંસ્થા છે, જેમણે સભાસદોને પોતાની પસંદગીની રૂ.2000ની ભેટ આપી છે. વર્ષ દરમ્યાન ઉપપ્રમુખ મનિષભાઇ પટેલ, માનદમંત્રી જગદીશભાઇ, સહમંત્રી નિલેશભાઇ ગુપ્તા તથા કા.સભ્યોએ આપેલા નોંધપાત્ર સેવાની નોંધ લીધી હતી તથા વર્ષ દરમ્યાન સંતોષકારક કામગીરી કરનાર મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિ તથા કર્મચારીગણની કામગીરીને બિરદાવી હતી.

**ગુજરાત મિત્ર**

# ૯થી 15 વર્ષની 61 બાળાને HPV રસી અપાઈ, 6 મહિના પછી બીજો ડોઝ પણ ફ્રી

## સર્વાઇકલ કેન્સર સામે ભાવિ પેઢીના રક્ષણ માટે બારડોલીમાં મહતવની નોંધનીય પહેલ

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

મહિલાઓમાં ઝડપથી વધી રહેલા સર્વાઇકલ કેન્સરના જોખમને ઘટાડવા અને ભાવિ પેઢીના રક્ષણ માટે બારડોલીનગરમાં એક નોંધનીય પહેલ કરવામાં આવી છે. સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતી સહકારી સંસ્થા બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી અને લાયન્સ ક્લબ બારડોલીના સંયુક્ત ઉપક્રમે જનતા હોસ્પિટલ (ડો. કલાબેન), બારડોલી ખાતે વિનામૂલ્યે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં 9 થી 15 વર્ષ સુધીની 61 બાળાઓને સર્વાઈકલ કેન્સરથી બચાવવા ટે ફ્રીમાં રસી અપાઈ હતી. આ બાળાઓને છ મહિના પછી બીજો ડોઝ પણ બારડોલી જનતા ક્રેડિટ સોસાયટી તરફથી આપવામાં ફ્રીમાં આપવામાં આવશે.આ ઉપરાંત, રસીકરણ કરાવનાર દરેક બાળાને અભ્યાસ કીટ પણ ભેટ



આપવામાં આવી હતી. કેમ્પના આયોજન સમયે ક્રેડિટ સોસાયટીના તમામ ડિરેક્ટર, સ્ટાફ અને લાયન્સ ક્લબના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.બારડોલીની આ બંને સંસ્થાઓએ પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે આરોગ્ય સુરક્ષાની આ વ્યૂહરચના અપનાવી સર્વાઇકલ કેન્સરના જોખમને ઘટાડવા અને ભાવિ પેઢીનું રક્ષણ કરવા માટે જે જાગૃતિસભર કામગીરી કરી છે.

### સર્વાઇકલ કેન્સરનું મોટું જોખમ, દર વર્ષે 67 હજારથી વધુ મૃત્યુ

સહકારી સંસ્થાના પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રીએ જણાવ્યું કે આ કેન્સર સ્ત્રીઓ માટે એક મોટી સ્વાસ્થ્ય ચિંતા છે. દર વર્ષે આશરે 1,22,844 સ્ત્રીઓમાં સર્વાઇકલ કેન્સરનું નિદાન થાય છે. લગભગ 67,477 સ્ત્રીઓ આ કેન્સરને કારણે મૃત્યુ પામે છે. હાલમાં પણ અંદાજે 432.2 મિલિયન સ્ત્રીઓને આ કેન્સર થવાનું જોખમ છે.

### કેન્સરથી બચાવતી HPV રસીનું મહત્ત્વ અને ડોઝની વિગતો

આ રસીને એચપીવી (હ્યુમન પેપિલોમા વાયરસ) રસી તરીકે ઓળખવામાં આવે છે. મોટાભાગના સર્વાઇકલ અને અન્ય કેન્સર માટે જવાબદાર એચપીવી પ્રકારોને રોકવા માટે આ રસી અત્યંત જરૂરી છે. જો આ રસી ૯ થી ૧૫ વર્ષની ઉંમર વચ્ચે મૂકવામાં આવે તો બે ડોઝની અને તે પછી મૂકવામાં આવે તો ત્રણ ડોઝની ભલામણ કરવામાં આવે છે.

**દિવ્ય ભાસ્કર**

# બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી અને લાયન્સ ક્લબ દ્વારા રસીકરણ કેમ્પ યોજાયો

જનતા હોસ્પિટલ (ડો. કલાબેન) ખાતે યોજાયેલ કેમ્પમાં ૯થી ૧૫ વર્ષ સુધીની ૫૦ બાળાઓને સર્વાઈકલ કેન્સરથી બચાવવા ફ્રીમાં રસીકરણ કરાયું



ધબકાર પ્રતિનિધિ, બારડોલી, તા. ૦૫

[illegible]

**ધબકાર**

# બારડોલીની જનતા હોસ્પિટલ ખાતે રસીકરણ કેમ્પ

બારડોલી : બારડોલીમાં સહકારી સંસ્થા બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી અને લાયન્સ ક્લબ બારડોલી દ્વારા નગરની ૯ થી ૧૫ વર્ષ સુધીની ૫૦ બાળાઓને સર્વાઈકલ કેન્સરથી બચાવવા ફ્રીમાં રસીકરણ કરવામાં આવ્યુ અને રસીકરણ કરાવનાર બાળાઓને અભ્યાસી કીટ આપવામાં



આવી હતી. . આ રસી એચ.પી.વી. રસી એટલે કે હ્યુમન પેપિલોમા વાયરસનાં ચેપની રસી તરીકે ઓળખાય છે.ટુંકમાં મોટાભાગના સર્વાઈકલ અને અન્ય કેન્સર માટે જવાબદાર એચ.પી.વી. પ્રકારોને રોકવા આ રસી અત્યંત જરૂરી છે કારણ કે સામાન્ય રીતે ગર્ભાવસ્થા દરમિયાન જો અજાણે આ રસી આપવામાં આવે તો તે હાનિકારક અસરો સૂચવે છે. જેથી અગમચેતીનાં ભાગરૂપે આ રસી મુકાવવી અત્યંત જરૂરી છે. આ રસી ૯ થી ૧૫ વર્ષની ઉંમર વચ્ચે મુકવામાં આવે તો બે ડોઝની અને ત્યારબાદ મુકવામાં આવે તો ત્રણ ડોઝની ભલામણ કરવામાં આવી છે. આ બાળાઓને છ મહિના પછી બીજો ડોઝ પણ ફ્રીમાં આપવામાં આવશે.આ પ્રસંગે બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ. નાં તમામ ડિરેક્ટર, સ્ટાફ અને લાયન્સ કલબનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

**સંદેશ**

# सर्वाइकल कैंसर से बचाने के लिए 50 बच्चियों को लगे टीके



लाभार्थी बच्चियां और संस्थाओं के पदाधिकारी।

बारडोली @ पत्रिका. बारडोली जनता को-ऑप. क्रेडिट सोसायटी और लायंस क्लब बारडोली द्वारा जनता अस्पताल में 9 से 15 वर्ष की 50 बच्चियों को सर्वाइकल कैंसर से बचाने के लिए मुफ्त टीकाकरण शिविर आयोजित किया गया। यह टीकाकरण एचपीवी (ह्यूमन पेपिलोमा वायरस) वैक्सीन के नाम से जाना जाता है, जो सर्वाइकल कैंसर के लिए जिम्मेदार वायरस को रोकने के लिए अत्यंत आवश्यक है। भारत में हर साल लगभग 1,22,844 महिलाओं में सर्वाइकल कैंसर का निदान होता है और लगभग 67,477 महिलाएं इस बीमारी से मर जाती हैं।

इस जोखिम को ध्यान में रखते हुए, इन सेवा संगठनों ने अपनी सामाजिक जिम्मेदारी के रूप में इस शिविर का आयोजन किया था। सोसायटी के अध्यक्ष निरंजन मानाजी मिस्त्री ने सर्वाइकल कैंसर के लक्षणों जैसे कि पीरियड्स के बाद रक्तस्राव, वजन में कमी और लगातार थकान के बारे में जानकारी दी। उन्होंने बताया कि इन बच्चियों को छह महीने बाद दूसरा डोज़ भी मुफ्त में दिया जाएगा।

लायंस सेक्रेटरी जितेंद्र चौहान ने विशेषज्ञ डॉ. उर्विबेन की प्रस्तुति से आयोजन होने की जानकारी दी। टीकाकरण कराने वाली प्रत्येक बच्ची को एक अध्ययन किट भी भेंट की गई।

इस अवसर पर दोनों संस्थाओं के निदेशक, स्टाफ और सदस्य उपस्थित रहे।

**पत्रिका**

# બારડોલીમાં સર્વાઇકલ કેન્સર જાગૃતિ અને ફ્રી રસીકરણ કેમ્પનું આયોજન

બારડોલી: નગરમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી અને લાયન્સ ક્લબ બારડોલી દ્વારા જનતા હોસ્પિટલ ખાતે ૯થી ૧૫ વર્ષની ૫૦ બાળાઓને સર્વાઇકલ કેન્સરથી બચાવવા માટે વિનામૂલ્યે રસીકરણ કેમ્પ યોજાયો હતો. આ રસીકરણ HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) રસી તરીકે ઓળખાય છે, જે સર્વાઇકલ



કેન્સર માટે જવાબદાર વાયરસને રોકવા અત્યંત જરૂરી છે. સોસાયટીના પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રીએ સર્વાઇકલ કેન્સરના લક્ષણો જેવા કે પિરિયડ્સ પછી રક્તસ્રાવ, વજનમાં ઘટાડો અને સતત થાક વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ બાળાઓને છ મહિના પછી બીજો ડોઝ પણ ફ્રીમાં આપવામાં આવશે. લાયન્સ સેક્રેટરી જીતેન્દ્ર ચૌહાણે નિષ્ણાંત ડો. ઉર્વિબેનની રજૂઆતથી આયોજન થયાની જાણકારી આપી હતી.

**ગુજરાત મિત્ર**

## સર્વાઈકલ રસીકરણ કેમ્પ (કુલ ૬૩ બાળાઓ)










**પ્રકાશક: નિરંજન માનાજી મિસ્ત્રી**

**પ્રમુખ: બારડોલી જનતા કો - ઓ. ક્રેડિટ સોસાયટી લિ. બારડોલી**




પ્રતિ શ્રી, ______________________________

______________________________

______________________________

**રવાના**

## બારડોલી જનતા કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

'સમુત્કર્ષ ભવન' પરશુરામ નગર, શાસ્ત્રી રોડ, સ્વામિનારાયણ મંદીર સામે, બારડોલી
દુરભાષ: (૦૨૬૨૨)૨૯૯૦૧૩, મો. ૯૨૬૫૪ ૭૨૧૫૭, E-mail: bjanta2000@gmail.com
www.bardolijanta.com

**મુદ્રક**


સંકલ્પ ડિઝાઈન એન્ડ પ્રિન્ટ,
૬૬, મુદિત પેલેસ, સ્ટેશન રોડ, બારડોલી - ૩૯૪૬૦૧, મો. ૯૯૧૩૮ ૩૨૩૪૨